eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 112
July 27, 2007

## નોર્થઝોન(કતારગામ) ઝોનમાં મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ ડસ્ટબીન અંગેની સ્પેશીયલ ઝુંબેશ અંગેની કરેલી કામગીરી

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ સુરત મહાનગર સેવાસદન નોર્થઝોન(કતારગામ) વિભાગ મારફત ઝોનમાં આવેલ જુદા જુદા કોમર્શીયલ કોમ્પલેક્ષ/સંસ્થા/દુકાનોની ડસ્ટબીન રાખે છે. **વધુ માટે કલીક કરો >>>>>>**

## આરોગ્ય નિદાન મેડીકલ કેમ્પનું આયોજન

ચોમાસાની સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ આરોગ્ય નિદાન મેડીકલ કેમ્પનું આયોજન આગામી તા.૨૨/૦૭/૦૭, મહાનગર સેવા સદનના ડો. આઈ.સી.પટેલ, ડે.કમિશ્નરશ્રી અને ડો. હેમંત દેસાઈ, આરોગ્ય અધિકારી મારફતે આયોજન કરવામાં આવેલ છે. **વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન(વરાછા) ની આરોગ્ય અને ડીમોલીશનની કામગીરી

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૫ (ફૂલપાડા) માં ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત
(૨)પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવાનાં હેતુના ભાગરૂપે સઘન ઝુંબેશ **વધુ માટે કલીક કરો >>>>>>**

## અઠવા ઝોન ખાતે વૃક્ષારોપણ



સુરત મહાનગર સેવાસદન દ્વારા નિર્મળ ગુજરાત– ૨૦૦૭ વર્ષ દરમ્યાન ૫૮મા વન મહોત્સવનો કાર્યક્રમનું આયોજન તા. ૨૧/૦૭/૦૭ ના શનિવારના રોજ અઠવા ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૬ માં સવારે ૧૦–૦૦ કલાકે મા. મેયરશ્રીના વરદહસ્તે રાખવામાં આવેલ.

**વધુ માટે કલીક કરો >>>>>**

## તાપી માતા જન્મદિન નિમિત્તે પૂજા અર્ચનાનો કાર્યક્રમ

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને,તાપી સ્મરણે **વધુ માટે કલીક કરો >>>>>>**

## મહનગર સેવાસદન ધ્વારા મેડીકલ કેમ્પનું આયોજન

નિર્મળ ગુજરાત નિર્મળ સુરત –૨૦૦૭" અભિયાન અંતર્ગત તા. ૨૨/૦૭/૦૭ ને રવિવારના રોજ સેન્ટ્રલ ઝોન આયોજીત કડીવાલા એન્ડ બુનકી અર્બન હેલ્થ સેન્ટર કમ મે. હોમ મારફતે અકબર સઈદ ટેકરા વિસ્તામાં મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. **વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવા સદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય તે માટે ગરીબ/સ્લમ વિસ્તાચરોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. **વધુ માટે કલીક કરો >>>>>>**

## કાંકરાખાડી ઉપર બ્રીજ બનાવવાના કામને JNNURM યોજના હેઠળ મંજુરી મળવામાં આવી

ઉધના મગદલ્લા રોડ પર, બમરોલી, પાંડેસરાને જોડતાં ૮૦' ના રસ્તા પર કાંકરાખાડી ઉપર બ્રીજ બનાવવાના કામને JNNURM યોજના હેઠળ તા. ૨૦/૦૭/૦૭ ના રોજ દિલ્હી ખાતે મળેલ સેન્ટ્રલ લેવલ સ્ટીયરીંગ કમિટી ૮હીકહ૯ ની મીટીંગમાં મંજુરી મળેલ છે. **વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવ સદનનાં નોર્થઝોન(કતારગામ) ઝોન દ્વારા ફુલવાડી–ભરીમાતા ખાતે ફ્રી મેડીકલ કેમ્પ

નિર્મળ ગુજરાત – ૨૦૦૭ ના નિયત કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને ઘર આંગણે મફત આરોગ્ય તપાસ અને નિદાન સારવાર મળી શકે તેવા હેતુથી તા.૨૨/૦૭/૦૭ ને રવિવારને રોજ નોર્થઝોન (કતારગામ) માં એક ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. **વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવાસદન સંચાલિત સેન્ટ્રલ ઝોન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગીય (ફા./ મે.) ખાતાની કામગીરીની વણથંભી આગેકૂચ

સુરત મહાનગર સેવાસદન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ (ફા.મે.) વિભાગ દ્વારા માહે જુન–જુલાઈ ૨૦૦૭ ને મેલેરિયા ડેંગ્યુ/ચિકુનગુનીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ ... **વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવા સદનનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન

મ્યુ. કમિશ્નરશ્રીના આદેશાનુસાર સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન ઝોનના વડા શ્રી પ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈની સુચના મુજબ તા.૨૨/૦૭/૦૭ ના રોજ સીટી લાઈટ રોડ ખાતે કરવામાં આવેલ.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વન મહોત્સવ

સુરત મહાનગર સેવા સદન દ્વારા ૫૮ માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વન મહોત્સવનો કાર્યક્રમ તા.૨૧/૦૭/૦૭ ના રોજ શરૂ કરવામાં આવેલ

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન(કતારગામ) ઝોનમાં મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ ડસ્ટબીન અંગેની સ્પેશીયલ ઝુંબેશ અંગેની કરેલી કામગીરી

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ સુરત મહાનગર સેવાસદન નોર્થઝોન(કતારગામ) વિભાગ મારફત ઝોનમાં આવેલ જુદા જુદા કોમર્શીયલ કોમ્પલેક્ષ/સંસ્થા/દુકાનોની ડસ્ટબીન રાખે છે કેમ, તે બાબતે એક સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશમાં જુદી જુદી ચાર (૪) ટીમ દ્વારા સવારે ૯–૦૦ કલાકથી સાંજે ૫–૩૦ કલાક સુધી કામગીરી હાથ ધરેલ અને કુલ ૧૮૮૭ સંસ્થા ચેક કરીને ડસ્ટબીન નહીં રાખનાર એવા ૫૬૬ સંસ્થાના માલિકોને કુલ રૂા.૩૧,૨૦૦/– દંડ કરવામાં આવે છે. તેઓ પાસે તાકીદે ડસ્ટબીન મુકવામાં આવેલ છે.

TOP

# આરોગ્ય નિદાન મેડીકલ કેમ્પનું આયોજન

માન. અગ્રસચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના મળેલ આદેશાનુસાર મુજબ તાજેતરમાં ચોમાસાના પ્રથમ તબક્કામાં ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય અને  જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળી શકે તેવા વિસ્તારોમાં મ્યુ. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ ગરીબ/સ્લમ વિસ્તારમાં આરોગ્યની ચકાસણી તથા આરોગ્ય વિષયક સહાયના હેતુસર ચોમાસાની સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ આરોગ્ય નિદાન મેડીકલ કેમ્પનું આયોજન આગામી તા.૨૨/૦૭/૦૭, રવિવારના દિને સવારે ૯ : ૦૦ કલાકે રાંદેર વિસ્તારના બાપુનગર, શાળા નંબર : ૧૪૮ ખાતે મહાનગર સેવા સદનના ડો. આઈ.સી.પટેલ, ડે.કમિશનરશ્રી(હે અને હો) અને ડો. હેમંત દેસાઈ, આરોગ્ય અધિકારી મારફતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં મહાનગર સેવાસદન સંચાલિત સ્મીમેર હોસ્પિટલના બાળરોગ, સ્ત્રીરોગ, આંખના નિષ્ણાંત ઉપરાંત ફિઝિશ્યન અને સર્જન તજજ્ઞો ઉપરાંત સંલગ્ન શહેરી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસરો અને આરોગ્ય કર્મચારીઓ હાજર રહી કેમ્પમાં આવનાર દર્દીઓનું નિદાન કરી સારવાર આપશે અને વધુ સારવાર તથા અન્ય લેબોરેટરી ટેસ્ટ કે પરિક્ષણનોની જરૂર જણાય તો તેવા દર્દીઅદને સ્મીમેર અથવા નવી સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરી વિનામુલ્યે સારવાર અને પરિક્ષણ કરવામાં આવશે. વધુમાં સમગ્ર કેમ્પ દરમ્યાન વેકસીનેશન વિભાગ, વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ, કુટુંબ કલ્યાણ વિભાગ, એચ.આઈ.વી./એઈડસ ઉપરાંત ક્ષય રોગ નિયંત્રણનું પોસ્ટર પ્રદર્શન કરવામાં આવશે.

આ પ્રકારના મેડીકલ કેમ્પનું આગામી ૨૯ મી જુલાઈ ના દિને કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે અને ૫ મી ઓગસ્ટના દિને અલથાણ હેલ્થ સેન્ટર ખાતે તેમજ ૧૨ મી ઓગસ્ટે પાંડેસરા શહેરી આરોગ્ય કેન્દ્ર, ૧૯ મી એ ડી.કે.એમ. શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવેલ છે.

TOP

# પૂર્વઝોન(વરાછા) ની આરોગ્ય અને ડીમોલીશનની કામગીરી

**(૧) ટી.પી. સ્કીમ નં. ૧૫ (ફૂલપાડા) માં  ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત**

ટી.પી. સ્કીમ નં. ૧૫ (ફૂલપાડા) માં ઈંદીરાનગર સોસાયટી પંચમુખી હનુમાન મંદિર પાસેની જગ્યામાં મોતીભાઈ અરજણભાઈ પ્રજાપતિ  દ્વારા ચણતરની રૂમો બનાવેલ હોય, આજ રોજ સદર ગેરકાયદેસર બાંધકામ અત્રના શહેરવિકાસ ખાતાના સ્ટાફ મારફત દુર કરવામાં આવેલ છે.

**(૨)પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવાનાં હેતુના ભાગરૂપે સઘન ઝુંબેશ**

આજરોજ પૂર્વઝોન (વરાછા) ના ફાઈલેરીયા–મેલેરીયા વિભાગ દ્વારા મચ્છરની ઉત્પત્તિ અટકાવવાનાં હેતુના ભાગ રૂપે સઘન ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ. સદર ઝુંબેશના ભાગરૂપે આજરોજ કુલ–૧૨,૭૯૧ ઘરોમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેની કામગીરી હાથ ધરી કુલ– ૯૭ બ્રિડીંગ શોધી તેનો નાશ કરવામાં આવેલ છે તથા ૬૭૦ લોહીના સેમ્પલ એકત્રિત કરવામાં આવેલ છે. તેમજ મચ્છરની ઉત્પત્તિ કરતા ૭૫– ઈસમોને નોટિસ ઈશ્યુ કરવામાં આવેલ છે. તેમજ ૯(નવ)ઈસમો સામે કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

વધુમાં ઝોનનાં વિવિધ વિસ્તારોમાં કાર્યરત ૧૫ (પંદર) બાંધકામમાં ઝુંબેશ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ જોવા અટકાયતી પગલા ન લેતા સદર બાંધકામોનાં સંચાલકો પાસે કુલ રૂ.૫૮,૪૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ જયાં મચ્છરની ઉત્પત્તિ જોવા મળેલ ત્યાં જંતુનાશક દવાનો છંટકાવ પણ કરેલ છે. તથા મચ્છરની ઉત્પત્તિ ફરી ન થાય તે માટે જરૂરી  પગલાંની સમજ આપેલ છે.

TOP

# અઠવા ઝોન ખાતે વૃક્ષારોપણ



સુરત મહાનગર સેવાસદન દ્વારા નિર્મળ ગુજરાત– ૨૦૦૭ વર્ષ દરમ્યાન ૫૮મા વન મહોત્સવનો કાર્યક્રમનું આયોજન તા. ૨૧/૦૭/૦૭ ના શનિવારના રોજ અઠવા ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૬ (અલથાણ), ફા. પ્લોટ.નં. ૧૦૧, ન્યુ સીટી લાઈટ રોડ, છગનલાલ ભાણાભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (ભાણાવાલા કોલેજ) સામેના ખુલ્લા પ્લોટમાં સવારે ૧૦–૦૦ કલાકે મા. મેયરશ્રીના વરદહસ્તે રાખવામાં આવેલ. સદર કાર્યક્રમમાં ડે.મેયરશ્રી, અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), શાસક પક્ષના નેતાશ્રી, ગાર્ડન કમિટીના ચેરમેનશ્રી તેમજ અન્ય સમિતિઓના ચેરમેનશ્રીઓ તેમજ મ્યુનિ.સભ્યશ્રીઓ ઉપસ્તિથત રહયા હતા.

વન મહોત્સવ કાર્યક્રમના સ્થળે પાંચ હજાર વૃક્ષોનું એક જ સાથે પાંચ હજાર વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ, જે.એચ.અંબાણી હાઈસ્કૂલ અને નગર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વૃક્ષોને લગતા સુવાકયો તેમજ ગીતો સાથે રોપાઓ રોપ્યા હતા. મહાનગર સેવાસદનના ઉચ્ચ અધિકારીઓ ડે.કમિશનરશ્રી(સ્પે.), ડે.કમિશનરશ્રી(જન.), ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસર અઠવા ઝોન, ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ તેમજ ગાર્ડન ખાતાના અને અઠવા ઝોનના અન્ય અધિકારીઓએ વન મહોત્સવ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમનાં અંતમાં આવેલ તમામ મહાનુભાવો, આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને કુલ મળી પાંચ હજાર તુલસીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાનગર સેવા સદને ૫૮ માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વિવિધ જાતના કુલ ૧૦ લાખ રોપાઓનું વૃક્ષારોપાણનું લક્ષ્યાંક નકકી કરેલ છે. આ લક્ષ્યાંકાને હાંસલ કરવા મહાનગર સેવાસદન દ્વારા તા.૨૧/૦૭/૦૭ થી તા.૧૫/૦૮/૦૭ સુધી પણ વૃક્ષારોપણ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જે નીચે મુજબ છે.





| અ.નં. | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| 1. | 21/07/07 | મા.મેયરશ્રીના વરદ હસ્તે સવારે ૧૦ કલાકે અઠવા ઝોન ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૦૧ ન્યુ.સીટીલાઈટ રોડ ભરથાણા, ડી.આર.બી. કોલેજ (ભાણાવાલા) સામેના મહાનગર સેવા સદનના ખુલ્લા પ્લોટમાં વન મહોત્સવ નિમિત્તે વૃક્ષા રોપણનો કાર્યક્રમ . |
| 2. | 22/07/07 to 25/07/07 | સુરત મહાનગર સેવા સદનના દરેક ઝોનમાં વોર્ડ વાઈઝ મ્યુ. સભ્યોશ્રીઓની હાજરીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ. |
| 3. | 26/07/07 to 28/07/07 | વિવિધ જાતના રોપાઓનું શહેર હદ વિસ્તારમાં વિનામૂલ્યે વિતરણ કાર્યક્રમ |
| 4. | 29/07/07 to 31/07/07 | શહેર હદ વિસ્તારમાં આવેલ શાળા/કોલેજોમાં સંબંધત આચાર્યશ્રીઓ/શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હસ્તક વૃક્ષારોપણનો કાર્યક્રમ. |
| 5. | 1/08/07 to 3/08/07 | દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કોલેજો અને એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મારફત મહાનગર સેવા સદનના ખુલ્લા પ્લોટ/અન્ય મિલકતોમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ. |
| 6. | 4/08/07 to 8/08/07 | શહેરમાં આવેલ કલબો જેવી કે રોટરી કલબ/લાયસન્સ કલબ/નેચર કલબ/જાયન્ટસ કલબ તથા જેસીસ કલબ વિગેરે મારફત વૃક્ષારોપણનો કાર્યક્રમ |
| 7. | 9/08/07 to 11/08/07 | શહેર વિસ્તારના ઝોન તેમજ વોર્ડ વિસ્તારમાં રાશિ મુજબના વૃક્ષોના રોપાઓનું તેમજ માહિતી પુસ્તિકા (લીફલેટ)નું શહેરીજનોને વિના વિતરણનો કાર્યક્રમ. |
| 8. | 12/08/07 to 13/08/07 | પર્યાવરણ અને વૃક્ષારોપણલક્ષી એફ.એમ.રેડીયો મારફત પ્રશ્નોતરી હરીફાઈનો કાર્યક્રમ. |
| 9. | 14/08/07 | વરાછા ઝોનમાં મહારાણા પ્રતાપ ઉદ્યાન ખાતે ઔષધિય વન અંગેનું વૃક્ષારોપણનો કાર્યક્રમ. આ કાર્યક્રમ શહેરના અન્ય મોટા બગીચાઓમાં પણ કરવામાં આવનાર છે. |
| 10. | 15/08/07 | બાગ ખાતા દ્વારા શહેર હદ વિસ્તારના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણની કામગીરી યથાવત રહેશે. |

TOP

# તાપી માતા જન્મદિન નિમિત્તે પૂજા અર્ચનાનો કાર્યક્રમ



ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને,તાપી સ્મરણે

ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. તાપી માતા જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે (અષાઢ સુદ સાતમ) તા.૨૧/૦૭/૦૭ ને શનિવારે ૬:૩૦ કલાકે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગર સેવા સદન દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ગુજરાત રાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રણજીભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતી ભાવનાબેન ચપટવાળા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને તાપી નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી. અને શહેર માટે મંગલદાયી ભવિષ્યની વાંચ્છના કરી હતી.

TOP

# મહનગર સેવાસદન દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન

''નિર્મળ ગુજરાત નિર્મળ સુરત –૨૦૦૭'' અભિયાન અંતર્ગત તા. ૨૨/૦૭/૦૭ ને રવિવારના રોજ સેન્ટ્રલ ઝોન આયોજીત કડીવાલા એન્ડ બુનકી અર્બન હેલ્થ સેન્ટર કમ મે. હોમ મારફતે અકબર સઈદ ટેકરા વિસ્તામાં મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મ્યુ. સદસ્યશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા તેમજ ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ ) ડો. આઈ. સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ દેસાઈ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ. જરીવાલા, આસી. આરોગ્ય અધિકારી ડો. પ્રદિપ ઉમરીગર,મેડીકલ ઓફિસર ડો. પરસીસ મેવાવાલા, ડો. દિનેશ પટેલ, ડો. જયશ્રી ચોકસી તથા હેલ્થ સેન્ટરનો સ્ટાફ હાજર રહી RNTCP, S.T.D., કુટુંબ કલ્યાણ વિગેરે વિશે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ IAP સુરત બ્રાન્ચના પીડીયાટ્રીશીયન ડો. અરૂણ ત્રીવેદી તથા ડો.કિશોર પડશાલા એ હાજર રહી ઓ.આર.એસ.ના ઉપયોગ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત લાયોનેશ કલબ રાંદેર– અડાજણ બ્રાન્ચના ડી.સી. શ્રી પ્રદિપ દેસાઈ, પ્રમુખ શ્રીમતી શોભાબેન તથા અન્ય સભ્યોએ હાજર રહી ન્યુટ્રીશન વિશે માહિતી આપી ગ્લુકોઝ બિસ્કીટનું વિતરણ કર્યુ હતું.

આ કામગીરી દરમ્યાન ૨૭૫ દર્દીઓને તપાસી જરૂરી સારવાર આપવામાં આવી હતી તેમજ ૪૬ વ્યકિતઓની સ્લાઈડ મેળવી મેલેરિયાની ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગર સેવા સદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તાચરોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ કેમ્પનો આજ તા. ૨૨/૦૭/૦૭ ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૧૪૮ બાપુનગર, સુરત ખાતે સવારે ૦૯ : ૦૦ કલાકે મ્યુનિ. કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો. જગદીશ પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી ડો. વિનોદ પાટીલ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડિયા, લાઈટ એન્ડ ફાયર કમિટિના ઉપાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ માળી, રાંદેર/અડાજણ વિસ્તારનાં મ્યુ. સદસ્યશ્રીઓ ઉપરાંત ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ, સ્મીમેર મેડીકલ કોલેજના ડીન ડો.કલ્પનાબેન દેસાઈ, મેડીકલ સુપ્રિ. ડો. વંદનાબેન દેસાઈ, આઈ.એમ. એ.ના પ્રમુખ ડો. ચંદ્રેશ જરદોષ,નાયબ આરોગ્ય અધિકારી ડો. વી.વી પરમાર,રાંદેર ઝોનનાં આસી. આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ,ડે.ઈજનેર, રાદેર/અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસરો તથા પેરામેડીકલ સ્ટાફ,ન. પ્રા. શિક્ષણ સમિતિના શાશનાધિકારી વિ. હાજર રહ્યા હતા.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશભાઈ પટેલે તથા વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયાએ પ્રાસંગિક પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર આવા મેડીકલ કેમ્પના આયોજન બદલ સુરત મહાનગર સેવાસદનને અભિનંદન આપી સ્વચ્છતા અને તંદુરસ્તી જાળવવા ઉપસ્થિત રહીશો/લાભાર્થીઓને જણાવ્યું હતું.

સુરત મહાનગર સેવાસદન મ્યુ. કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાએ જણાવ્યું હતુ કે સ્લમ વિસ્તારમાં રહેતા સમાજના ગરીબ અને છેવાડાના નાગરિકોને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થઈ છે અને રાજયમાં સુરત શહેર આ પ્રકારની સેવાઓ બજાવવા માટે અગ્રેસર રહ્યું છે. સમગ્ર ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરના તમામ સ્લમ વિસ્તામાં આવા કેમ્પો યોજવામાં આવશે. રહીશોને પોતાના વિસ્તારમાં સ્વચ્છતા રાખવા મહાનગર સેવા સદનને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના મેડીસીન વિભાગના વડા ડો. શ્રીવાસ્તવ, આઈ.એમ.એ.ના સેક્રેટરી ડો. નરેન્દ્ર જરીવાલા, આંખ રોગના નિષ્ણાંત ડો.પી.પી. મિસ્ત્રી ઉપરાંત સ્મીમેર હોસ્પિટલના વિવિધ તજજ્ઞો, રાંદેર/અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફિસરોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.

મેડીકલ કેમ્પનો બાપુનગર અને તેની આસપાસના વિસ્તારના ૫૯૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાંત દ્વારા–૧૧૩, ચામડીના નિષ્ણાંત દ્વારા–૯૨, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા–૨૭, બાળરોગ નિષ્ણાંત દ્વારા–૫૧, ફિઝીશયન દ્વારા–૬૯ અને સર્જન દ્વારા –૧૫ તેમજ મેડીકલ ઓફિસરો દ્વારા ૨૩૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ ટેકનિશીયન દ્વારા–૫૮ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ૧૦૫ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૬૨ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ, નવી સીવીલ હોસ્પિટલ માટે રીફર કરવામાં આવ્યા હતા.

આ મેડીકલ કેમ્પના સ્થળે વેકસીનેશન વિભાગ, વાહકજનિત રોગ નિયંત્રણ, કુટુંબ કલ્યાણ, પી.એસ.એચ તથા આર.એન.ટી.સી.પી. વિભાગ દ્વારા પાણીજન્ય, પાણીસંલગ્ન, એઈડસ, ટી.બી., મેલેરીયા વિ. રોગ વિષેના પોસ્ટરો, બોર્ડ ડીસ્પ્લે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યુ હતુ. તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૫,૦૦૦/– પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતુ. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ–૧૫૦૦, ઓરલ પીલ્સ–૨૫ વિતરણ કરી કોપર ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૮૦૦ આર્યન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. રસીકરણ વિભાગ દ્વારા ૦૫ બાળકોને ડીપીટી, પોલીયો અને ઓરીની રસી આપવામાં આવીહતી.

આ ઉપરાંત શહેરના નીચે જણાવેલ ઝોનમાં વિનામુલ્યે નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. નીચે જણાવ્યા મુજબના દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવી હતી.

| ઝોન | વિસ્તાર | લાભાર્થી |
|---|---|---|
| (૧) સેન્ટ્રલ | – અકબર સઈદનો ટેકરો, ગોપીપુરા | ૨૮૦ |
| (૨)વરાછા | – ટાંકલી ફળીયા, મ્યુ.આંગણવાડી | ૩૭૧ |
| (૩)કતારગામ | – ફુલવાડી,ભરીમાતા, આંગણવાડી ક્રમાંક ૧૨૭/૧૨૯ | ૩૧૨ |
| (૪)ઉધના | – સંજય નગર રોડ નંબર : ૦ | ૨૪૦ |
| (૫)અઠવા | – યુ.પી. નગર સ્લમ, સીટીલાઈટ | ૯૮ |

સમગ્ર કાર્યક્રમનું મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણાના આદેશાનુસાર ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યુ હતું.




TOP

## કાંકરાખાડી ઉપર બ્રીજ બનાવવાના કામને JNNURM યોજના હેઠળ મંજુરી મળવામાં આવી

ઉધના મગદલ્લા રોડ પર, ગાંધીકુટીર પાસેથી થતાં બમરોલી, પાંડેસરાને જોડતાં ૮૦' ના રસ્તા પર કાંકરાખાડી ઉપર બ્રીજ બનાવવાના કામને વદદગચો યોજના હેઠળ તા. ૨૦/૦૭/૦૭ ના રોજ દિલ્હી ખાતે મળેલ સેન્ટ્રલ લેવલ સ્ટીયરીંગ કમિટી (CLSC) ની મીટીંગમાં મંજુરી મળેલ છે. આ બ્રીજ બનવાથી ઓછી આવક ધરાવતા વસ્તી સમુદાયને શહેરના ઔધોગિક વિસ્તાર તેમજ અન્ય વિસ્તાર સાથે સરળ અને ટુંકું જોડાણ શકય થશે. તથા આ વિસ્તારોનો સમતોલ વિકાસ થઈ શકશે. આ પ્રોજેકટની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | કામનું નામ | : | ઉધના મગદલ્લા રોડ પર ગાંધીકુટીર પાસેના ૮૦' ના સુડાનાં રસ્તા પર કાંકરાખાડી પર બ્રીજ બાંધવાનું કામ |
| (૨) | અંદાજીત પ્રોજેકટ કોસ્ટ | : | ૮.૧૭ કરોડ |
| (૩) | સમયમર્યાદા | : | ૧૨ માસ (ચોમાસા સિવાય) |
| (૪) | મુખ્ય વિગત | : | |
| | ૧. પુલનો પ્રકાર | | ફોરલેન હાઈ લેવલ બ્રીજ |
| | ૨. પુલની કુલ લંબાઈ | : | ૩૧૭.૭૫ મીટર |
| | (અ) સ્પાન સ્ટ્રકચર | | ૩૦ મી. × ૬ નંગ્ ૧૮૦ મીટર |
| | (બ) એપ્રોચની લંબાઈ | : | |
| | (૧) બમરોલી તરફે | | ૧૨૦ મીટર |
| | (૨) ઉધના મગદલ્લા તરફે | : | ૧૭.૭૫ |
| | ૩. પુલની પહલળાઈ | : | |
| | (અ) કેરેજ વે | : | ૭.૫ મી.(અપ બે લેન) + ૭.૫ મી. (ડાઉન બે લેન)્ ૧૫ મી. (ચાર લેન). જે પૈકી બંને તરફે આશરે ૨.૦મી. પહોળાઈનો સાયકલ ટ્રેક રહેશે. |
| | (બ) ફુટપાથ | : | ૧.૫૦ મી.બંને બાજુ |
| | (ક) સર્વિસ સ્લેબ | : | ૧.૫૦ મી.બંને બાજુ |
| | (ડ) સેન્ટ્રલ વર્જ | : | ૦.૭૫ મીટર |
| | (ઈ) કુલ પહોળાઈ | : | ૨૨.૩ મીટર |
| | ૪. ફાઉન્ડેશનનો પ્રકાર | : | પાઈપ ફાઉન્ડેશન |
| | ૫. સબસ્ટ્રકચર | : | આર.સી.સી.વોલ પીયર |
| | ૬. સુપરસ્ટ્રકચર | : | |
| | (અ) સ્પાન નંગ | : | ૬ નંગ (૩૦ મીટર લંબાઈના) |
| | (બ) પ્રકાર | : | કાસ્ટ ઈન સીટુ PSC ગર્ડર અને ડેક સ્લેબ |
| | ૭. એક્ષપાન્શન જોઈન્ટ | : | સીંગલ સ્ટ્રીપ સીલ ટાઈપ |
| | ૮. બેરીંગ | : | નીયોપ્રીન બેરીંગ |

TOP

# સુરત મહાનગર સેવ સદનનાં નોર્થઝોન(કતારગામ) ઝોન દ્વારા ફુલવાડી–ભરીમાતા ખાતે ફ્રી મેડીકલ કેમ્પ

નિર્મળ ગુજરાત – ૨૦૦૭ ના નિયત કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને ઘર આંગણે મફત આરોગ્ય તપાસ અને નિદાન સારવાર મળી શકે તેવા હેતુથી તા.૨૨/૦૭/૦૭ ને રવિવારને રોજ નોર્થઝોન (કતારગામ) માં ફુલવાડી – ભરીમાતા આંગણવાડી ખાતે એક ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કેમ્પમાં વેડ અર્બન હેલ્થ સેન્ટર, સીંગણપોર અર્બન હેલ્થ સેન્ટરના તબીબો ડો.આનંદ પટેલ, ડો. ચેતના બેન જામકર તથા તેમના પેરા મેડીકલ સ્ટાફે સેવા પુરી પાડી છે. આ કેમ્પની સાથે લોકોને આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવામાં આવેલ છે. જે કામગીરી નોર્થઝોનના આસી. જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયા અને તેમની ટીમ દ્વારા સફળતા પુર્વક પાર પાડવામાં આવી હતી. તેમજ આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા આ કેમ્પનો લાભ મહત્તમ લોકો મેળવે તે માટે ઘનિષ્ઠ પ્રચાર કામગીરી કરવામાં આવેલ હતી. જેના કારણે આ વિસ્તારના ફુલવાડી નહેરૂનગર, રાજીવ નગર, સાબરીનગર, નાસીરનગર, અટલજીનગર તથા રામેશ્વર અને સહયોગ ઈન્ડસ્ટ્રીના કુલ ૩૧૨ નાગરિકોએ આરોગ્ય તપાસ હેઠળ મફત સારવાર મેળવેલ છે. આ કેમ્પનો નોર્થઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાલા તથા નાયબ આરોગ્ય અધિકારી શ્રી કે.એ.શ્રોફના સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પડાયો હતો. વધુમાં કેમ્પ દરમ્યાન આરોગ્યના વડા શ્રી ડે.કમિશનરશ્રી (હે અને હો) શ્રી ડો.આઈ.સી.પટેલ તથા આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈએ મુલાકાત નિરીક્ષણ કરી કેમ્પના સ્ટાફને પ્રોત્સાહન પુરુ પાડેલ હતું.

TOP

# સુરત મહાનગર સેવાસદન સંચાલિત સેન્ટ્રલ ઝોન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગીય (ફા./ મે.) ખાતાની કામગીરીની વણથંભી આગેકૂચ

સુરત મહાનગર સેવાસદન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ (ફા.મે.) વિભાગ દ્વારા માહે જુન–જુલાઈ ૨૦૦૭ ને મેલેરિયા ડેંગ્યુ/ચિકુનગુનીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હોય તેમજ આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લેતા શહેરના કોટ વિસ્તારમાં રોગચાળાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રાખવા આરોગ્યલક્ષી કામગીરી સઘન બનાવવાના ભાગરૂપે સેન્ટ્રલ ઝોન ફાઈલેરીયા/મેલેરીયા વિભાગીય વિવિધ યુનિટો દ્વારા ચાલુ રાખેલ વણથંભી કામગીરીના ભાગરૂપે આજદિન સુધી મેલેરીયા અને ડેંગ્યુ જેવા રોગોના નિયંત્રણ અર્થે પ્રાથમિક આરોગ્ય કાર્યકરો દ્વારા  સેન્ટ્રલ ઝોનનો વિસ્તાર આવરી લઈ કુલ ૧૦૬૦૩૭ ઘરોમાં આવેલ ૧૭૯૪૬૦ પાણી સંગ્રહ કરવાના સાધનો ચેક કરી કુલ ૧૪૭૪ મચ્છરનજા પાણી પોરા (બ્રિડીંગ) શોધી લઈ સ્થળ ઉપર નાશ કરાવવાની કામગીરી હાથ ધરેલ. વધુમાં મેલેરીયા પરીક્ષણ અને કુલ ૫૫૩૭ નાગરિકોના લોહીના નમુના એકત્રિત કરવામાં આવેલ. મચ્છરનું ન્યુસન્સ ધરાવતા કુલ–૨૭૫ સ્થળ પર આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી અને કુલ –૩૦ ઈસમો પાસેથી રૂા. ૨૯,૧૦૦/– (અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર એકસો પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવાની કામગીરી કરવામાં આવી અને ન્યુસન્સ સ્પોર્ટ માટે જવાબદાર કુલ–૧૬ ઈસમો સામે કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવી. તેમજ નાણાવટ ધાસ્તીપુરા, શાહપોર, ગોપીપુરા, નાનપુરા, સગરામપુરા, બેગમપુરા તેમજ ગોપીતળાવ વિગેરે વિસ્તારો આવરી લઈ જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી પણ હાથ ધરેલ છે તેમજ કુલ – ૮૮૫૬ કન્ટેનરોમાં અબેટની ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં મચ્છરની ઉત્પત્તિ કરતા જે તે ઈસમોના ડ્રેનેજ તેમજ નળ કનેકશન કાપવા સુધીની જલદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેથી શહેરના નાગરિકોએ ઘરના વપરાશથી પાણીના સાધનો હવાચુસ્ત બંધ રાખી ધાબાઓ ઉપર થતાં પાણીના ભરાવાઓ નિયમિત સાફ કરવા તેમજ જાહેર આરોગ્યલક્ષી કામગીરી કરતાં પ્રાયમરી હેલ્થ વર્કરોને સાથ સહકાર આપવા સહભાગી થવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

TOP

# સુરત મહાનગર સેવા સદનનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન

મ્યુ. કમિશ્નરશ્રીના આદેશાનુસાર સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન ઝોનના વડા શ્રી પ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈની સુચના મુજબ તા.૨૨/૦૭/૦૭ ના રોજ સંકટમોચન મંદિર યુ.પી. નગર, સીટી લાઈટ રોડ ખાતે કરવામાં આવેલ. સદર કેમ્પ જેમાં ૯૮ લાભાર્થીઓએ લાભ લીધેલ જે પૈકી ૫૫ લાભાર્થીઓએ A.R.I. ૨૨ ને ચામડીના રોગ તથા ૨૧ ને અન્ય બિમારી અંગે સારવાર આપવામાં આવેલ. આ ઉપરાંત આ જ સ્થળે લાયન્સ કલબ સુરત ટેક્ષ્ટાઈલ્સ સીટી દ્વારા રકતદાન–આંખની તપાસ તથા મફત ચશ્માનું વિતરણ કરવામાં આવેલ. ઈન્ટ્રા ડોમેસ્ટીક તથા પેરી સર્વે દરમ્યાન નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ બાંધકામમાં મળી આવેલ મચ્છરના બ્રિડીંગ સંદર્ભે કસૂરવાર પાસેથી ૩૨,૫૦૦/– રૂા. વહીવટી વસૂલાત વસૂલવામાં આવેલ.

TOP

## વન મહોત્સવ

સુરત મહાનગર સેવા સદન દ્વારા ૫૮ માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વન મહોત્સવનો કાર્યક્રમ તા.૨૧/૦૭/૦૭ ના રોજ શરૂ કરવામાં આવેલ અને ત્યારબાદ તા.૨૨–૨૩/૦૭/૦૭ ના રોજ બાગ ખાતાના કર્મચારીઓ અને ઝોનનાં કર્મચારીઓ મારફત મ્યુનિ. સભ્યશ્રીઓની હાજરીમાં વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. તા.૨૨–૨૩/૦૭/૦૭ ના રોજ દરેક ઝોન મળી કુલ ૨૫,૩૭૬ રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ઝોન | રોપેલ રોપાની સંખ્યા | સ્થળ |
|---|---|---|---|
| ૧. | અઠવાઝોન | ૪,૨૨૫ | ભાણાવાલા કોલેજની નજીક ખુલ્લો પ્લોટ, ગૌરવપથ રોડ ડીવાઈડર, આદિજાતિ સોસા.(ભટાર), તેરાપંથ ભવન રોડ, ઉમરા પ્રા.શાળા. |
| ૨. | ઉધનાઝોન | ૫૭૫ | બાટલી બોયથી ભેસ્તાન રોડ, પીયુષ સર્કલથી બમરોલી રોડ. |
| ૩. | લિંબાયત ઝોન | ૯૨૦ | નવાગામ–ડીંડોલીરોડ, નવાગામ ઈશ્વરપુરા સ્કુલ. |
| ૪. | રાંદેર ઝોન | ૨,૯૩૨ | કરણપાર્ક રોડ, જય અંબે રોડ સુમન નર્સરી–જહાંગીરાબાદ રોડ, રાંદેર ઝોન મારફત ખુલ્લાં પ્લોટમાં વૃક્ષારોપણ. |
| ૫. | કતારગામ ઝોન | ૧૧,૩૦૦ | કતારગામ મેઈન રોડ ડીવાઈડર, કાંસાનગર તળાવ |
| ૬. | વરાછા ઝોન | ૩૬૫ | વિક્રમનગર (પૂણાગામ), સીતાનગર ચાર રસ્તાથી ભૂતભવાની સોસા.રોડ |
| ૭. | સેન્ટ્રલ ઝોન | ૫૯ | ટીમલીયાવાડથી ગાંધીસ્મૃતિ ભવન રોડ બાબુ નિવાસની ગલી. |
| ૮. | વિના મૂલ્યે રોપાઓનું વિતરણ | ૫,૦૦૦ | શહેરીજનોને વિના મૂલ્યે રોપાઓનું વિતરણ. |
| | કુલ :– | ૨૫,૩૭૬ | |

TOP